૨૫૪૨

પિતૃબોધ.

અથવા.

જુવાનિયા ઉપર આવતા વિકટ સમય

તથા

તેમનાં કર્તવ્ય કર્મ વિષે

એક હિંદુ ઇશ્વર ભક્તે પોતાનાં છોકરાંઓને

આપેલી શીખામણ.

મુંબાઇની 'થીસ્ટિક આસોશિએશને'

ઇંગ્રેજીમાં પ્રગટ કરેલો તેનું

ગૂજરાતી ભાષાન્તર

અમદાવાદ પ્રાર્થના સમાજે

છપાવી પ્રગટ કર્યું.

૩૦૦૦ પ્રત.

અમદાવાદ

આર્યોદય પ્રેસ.

સંવત ૧૯૪૧—સન ૧૮૮૫.

કીમત રૂ. ૦-૦-૩

૨૫૪૨

પિતૃબોધ.

પ્રિય પુત્રકો—

આટલાં વર્ષમાં તમે અમારાથી આ ચોમાસામાં પહેલવહેલાજ છૂટા પડયા છો. તેને લીધે તમને જેટલું દુઃખ થાય છે એટલુ અમને પણ સ્વભાવિક રીતે થાય છે. પણ આથી જો તમે નોકર ચાકર તથા બીજાં ગૃહકૃત્યની વ્યવસ્થા શીખો, એક બીજા ઉપર સ્નેહ ભાવથી તથા શાન્તિથી રહેતા થાઓ, અને સગાં વહાલાં, મિત્ર, તથા તમારી આસપાસના બીજા લોકો પ્રત્યે જેવી રીતે વર્તવું જોઇયે તેવી રીતે વર્તો, તો એક મોટું કાર્ય સિદ્ધ થયું એમ અમે માનીશું.

આ વખતે તમે જીવનના એક ઘણાજ વિકટ કાલમાં ચાલો છો, એટલે આ કાલ તમે જેવી રીતે નિર્ગમન કરશો, આ સમયમાં તમે જે જે ટેવો પાડશો, જેવા નિયમ રાખશો, અને જે વિશેષ ગુણ સંપાદન કરશો તે બધા ઉપર તમારા સર્વ ભવિષ્યનો આધાર છે. માટે તમારી હાલની વર્તણુક વિષે અને જે કોઈ ટેવો પડે તે વિષે જેટલી સંભાળ રાખો તેટલી ઓછી. એટલા સારૂ આ વિષયના સંબંધમાં કેટલીક મુખ્ય બાબતો વિષે, મારા ચાળીસ વર્ષ ઉપરાંતના અનુભવ ઉપરથી, તમારી માતાની સંમતિ સહિત, મારે તમને શિખામણ આપવાની છે; તે ઉપર તમે ખૂબ ચાનક અને ઉત્સુકતાથી ધ્યાન આપશો એવી મારી ઈચ્છા છે.

૧. પોતાના ઉપરી સાથે શી રીતે બોલવું તે સર્વે ને ખબર છે. પણ પોતાના સરખા અથવા ઉતરતા મનુષ્ય સાથે વર્તવામાં માણસથી ભૂલ થાય છે. વડીલ અથવા ઉપરી સાથે જે રીતે બોલો તેજ રીતે સરખી પદવીના માણસ સાથે બોલવું અને બરોબરીયા સાથે બોલો તેજ રીતે ઊતરતા માણસ સાથે બોલવું એવો નિયમ તમે રાખશો તો તમે નિર્ભય થશો એટલુંજ નહિ પણ ઘણું કરી સર્વ લોક તમને પસંદ કરશે અને તમારી સાથે ખુલ્લા દિલથી વાત કરશે. કોઈ પણ માણસને રાજી રાખવાને સત્ય

અથવા નિયમનો ભંગ કરવો નહિં. પણ સર્વ મનુષ્ય સાથે વાત કરવાની રીત તથા હજને વાસ્તે ઉપર કહેલો નિયમ પાળશો તો તમારી વર્તણુક સભ્ય થશે એ નિશ્ચય સમજવું. વિદ્યાગુરૂ તથા ધર્મગુરૂને, મા બાપ પ્રમાણે, વિશેષ માન આપવું જોઇએ. પણ આ બાબતમાં તમે એટલા સ્વધર્માનુસાર ચાલ્યા છો કે, તમારા કર્તવ્ય કર્મના એ ભાગ વિષે મારે કાંઇ કહેવાનું નથી.

૨. આ કરતાં પણ વધારે ઉપયોગી ધર્મ આત્મ સંબંધી છે. કસરત વડે તથા નિર્દોષ ગમત વડે, અને પાપજનક તથા આત્માને અધમ કરનાર અને શરીર તથા મનને બન્નેને નુકશાન કરનાર દુર્ગુણથી સાવધ રહીને આરોગ્યનું રક્ષણ કરવું એ પહેલો ધર્મ છે.

[અ] દાકતરની ખાસ ભલામણ શિવાય દારૂ અથવા એવી બીજી કોઇ પણ કેફ ઉપજાવે એવી વસ્તુનો સ્પર્શ પણ ના કરવો. આ નિયમ તમે સખ્ત રીતે નહિં પાળો તો દારૂ પીવાની જે ભયાનક આદતથી આપણા લોકોમાંના, તેમાં વિશેષ કરીને કહેવાતા ઊંચા વર્ગના ઘણા જવાન તથા વૃદ્ધ જનોનો નાશ થાય છે, તેમાંથી તમે બચી સકશો નહિ.

[ઈ] તેમજ બીજી કોઇ અસ્વભાવિક આદતને કદિ વશ થવું નહિ; કારણ કે ને દેખીતી નિર્દોષ અને નિર્બાધક હશે પણ ઘણી પાપ ભરેલી તથા અતિશય ભયાનક પરિણામ કરે એવી છે. તેથી અદૃશ્ય રીતે મનુષ્યનું મન નીતિભ્રષ્ટ થાય છે, અને નીતિવાન્ વિચારનું તેને ભાન રહેતું નથી; તે શરીર સ્થિતિનો ગુપ્ત રીતે નાશ કરે છે. અને અનેક જાતના દુઃખદાયક તથા ત્રાસજનક શરીર તથા મનના રોગ ઉત્પન્ન કરે છે. વાસ્તે તમારૂ મન તમને કાંઇ કુકર્મ કરવાની પ્રેરણા કરે તો તેનાથી તમારા આત્માનું રક્ષણ કરો. ડાહ્યા પુરૂષો કહે છે કે માણસ પોતે પોતાનો શત્રુ છે, કેમકે પોતાની જાતજ પોતાની દુસ્મન છે એ વાત કદી એના મનમાં આવતી નથી. માટે જ્યારે જ્યારે એવી ખરાબ ઉપભોગની લાલચ અથવા ઇચ્છા થાય ત્યારે 'હવે શું કરવું' એવો અથવા એ વિષે બીજા કોઇ પણ વિચાર કર્યા વિના એકાંત વાસ છોડીને એકદમ ઘરમાં નહિ તો બાહાર પણ માણસના સમૂહમાં જઈ બેસવું.

(ઊ) હરેક સ્ત્રી ગમે તે સ્થિતિમાં હોય તો પણ તેને મા અથવા બેહેન સમાન ગણવી. આ નિયમના ભંગથી ઘોર પાપ લાગે છે; અને તે

પાપ કર્યાથી ઇશ્વર તરફથી ચેતવણી રૂપે ચિત્તાનુતાપ થાય છે. એ પાપથી નીતિ ભ્રષ્ટ થાય છે એટલુંજ નહિ પણ શરીર તથા આબરૂને નુકસાન થાય છે અને મહા ભયાનક રોગ થાય છે. ('Natural Law in the Spiritual World') 'નેચરલ લો ઈન ધી સ્પીરીચ્યુઅલ વર્લ્ડ' એ નામનુ અંગ્રેજી પુસ્તક તમે હવે પછી વાંચશો તેનો કર્ત્તા કહે છે કેઃ–અમે ઈસ્પિતાળમાં, કેદખાનામાં અથવા ગાંડા લોકના આવાસમાં જોયું તો ત્યાં મનુષ્યને પોતાનાં કુકર્મનું ફળ ભોગવતાં જોયાં. પોતાના નિયમના આ તથા ઉપર કહેલા ઊલ્લંઘનથી ઇતરાજ થઇને ઇશ્વર આ દુનિયામાં પણ શિક્ષા કરે છે, તથા માનુષી પવિત્રતાના રક્ષણ સારૂ યોજના કરે છે. આ નિયમના ઊલ્લંઘનથી થતાં માનસિક તથા શારીરિક દુઃખ ભોગવવાનો વખત આવી પડે તે પહેલાં જે માણસો આ નિયમ જાણે છે અને યુવાવસ્થામાં તે પ્રમાણે ચાલે છે અને જેમને આ નિયમથી સાવધ રાખવાની અથવા તો તેમના આયુષ્ય કાળમાં અયોગ્ય વખતે તેને વાસ્તે પસ્તાવાની જરૂર નથી પડી તેજ માણસો ખરેખરા ભાગ્યશાલી છે.

જે બાલવિવાહથી આપણા દેશના ઘણા જુવાનીયાની આરોગ્યતા તથા શક્તિને નુકસાન થયું છે, અને થાયછે તે બાલવિવાહના પાશમાં તમને કોઇ ને નાંખ્યા નથી; અને યોગ્ય સમયે એટલે વિદ્યાભ્યાસ સંપૂર્ણ થયે કોઈ રોજગારે વળગ્યા પછી તમારો વિવાહ થશે, ત્યારે સંસાર વ્યવહારના કામમાં પ્રવૃત્ત થશો એવી મને આશાછે. ઉઘાડા તથા છાના સર્વ પ્રકારના દુર્ગુણથી દૂર રહીને આત્મપવિત્રના સંભાળથી તમે સાચવશો અને શારીરિક તથા માનસિક અતિશય શ્રમ નહિં કરો, તો તમને વ્યવહારમાં જય મેળવવાને શક્તિ તથા ઉત્સાહ રહેશે એટલુંજ નહીં પણ સુખોપભોગને યોગ્ય બલ તથા આરોગ્ય રહેશે આ પ્રમાણે આપણા પૂર્વજો કરતા તેથી તેઓ મોટાં મોટાં કામ કરી શકતા. હાલમાં ઘણાખરા કેળવાયેલા યુરોપીયન લોકો તથા આપણી ચાલતા કાળની પ્રજામાં મજુરી કરનારો વર્ગ પોતાની મજુરીઆત સ્થિતિને લીધે આ રીતે ચાલેછે; ઘણા જલદી ઘરડા તથા માંદા થઇ જતા અથવા સંસારમાં પ્રવૃત્ત થયા પછી તરતજ જેમની શક્તિ તથા ઉત્સાહ જતાં રહેછે એવા આપણા કેળવાયેલા વર્ગના લોકો કરતાં પ્રમાણમાં એ લોકો વધારે લાંબી મુદ્દત સુધી શક્તિમાન, આરોગ્યવાન, અને કામ

કરવાને તથા સુખોપભોગને યોગ્ય રહેછે તે આ સુપ્રચારનો પરિણામ છે. આ બધા ફાયદાનું તમે તમારી સત્તા પ્રમાણે ગ્રહણ કરી સકો એમ છે માટે તે વિશે તમારે ગર્વ ધરાવવો જોઇએ અને કોઇ પણ પ્રકારની લાલચને વશ ન થતાં તેનાથી થતો લાભ તમારે તમારી પાસેથી જવા દેવો ન જોઇએ, નહિં તો બાલવિવાહથી નુકસાન પામેલા અને ખરાબ જીવનસ્થિતિથી હેરાન થયેલા બીજા લોકોની માફક તમારી પણ માઠી દશા થશે. પણ સાવધ થઇ દુર્ગુણથી તથા બીજા પાપિષ્ઠ ઉપભોગથી દૂર રહો તેની સાથે તમારે નિયમાનુસાર નિર્દોષ ગમતમાં પ્રવૃત્ત રહેવું જોઇયે. ખરેખર, નિર્દોષ ગમતમાં જેમ વધારે રહેશો તેમ પામપય વૃત્તિયોથી આકર્ષણ ઓછું થશે. પણ તમારે વૈભવાસક્ત વૃત્તિમાં ગરકાવ થઇ જવું એવું મારૂ કહેવું નથી. **સાદી રીતે રહેવું અને ઉન્નત વિચાર કરવા**—એથી પ્રાચીન ભરતખંડનો મહિમા વધ્યો હતો એમ આપણી પ્રાચીન કાળની વિદ્યાથી માલમ પડેછે પણ આ નિયમનો ક્રમ હાલમાં ફરી જવાની દહેશતછે. અને યુરોપ તરફના સુધારાની અસરથી ભભકાદાર રહેણીની સાથે નીચા વિચાર જોડાયેલા જણાયછે. યુરોપીયન લોક સમસ્તનો એ કાંઇ ખરેખરો ગુણછે એમ નથી; એમના લોકના ઉપકાર શીલ સદ્ગુણ તથા પ્રજાહિત સારૂ દુઃખ વેઠવાનો ઉત્સાહ સર્વથા વખાણવા લાયક અને ગ્રહણ કરવા યોગ્યછે; પણ અનેક જાતનાં કારણોને લીધે આપણા લોકો પુસ્તક વિના બીજે કોઈ રસ્તે તેમના સારા ગુણની માહીતી મેળવતા નથી. અને સાધારણ રીતે તેમના વિષે અનુભવમાં આવેલું જ્ઞાન આપણને થાયછે તેથી ફક્ત તેમની રહેવાની ખરચાળ રીતની અને તેમની આસપાસની નીચ તથા બાહ્ય ગુણની અસર આપણા ઉપર થાય છે આ વાતથી તમારે સાવધ રહેવું જોઈયે અને 'જીંદગીના આધાર માટે ઉપયોગી વસ્તુ થોડીછે તથા નિરૂપયોગી વસ્તુનો જે મનુષ્ય ભોગ ન થાય તે સર્વ કરતાં વધારે દ્રવ્યવાન્છે' એ વાત તમારે ધ્યાનમાં રાખવી જોઇયે. 'આપણી ઇચ્છા વડે માનુષી ન્યૂનતાની સીમા ન બાંધીયે તો તેને કાંઈ હદ નથી' માટે હમેશાં સાદી રીતે રહેવાની ટેવ પાડવી; અને પોતાને લગતી બાબતમાં ઉદારતાથી તથા બીજાના હિતના સંબંધમાં નિઃસ્વાર્થ રીતે ઉન્નત વિચારથી પ્રયુક્ત રહેવું. પણ નિર્દોષ ગમત તો તમારે **દરરોજ** કરવી એ કામમાં તમારામાંથી એક જણે 'હાર્મોનીયમ' અને બીજાએ 'સતાર' વગા-

ડતાં શીખવાનું જારી રાખવું અને બન્ને જણે વધારામાં કંઠગાન શીખવું જોઇયે, અને ત્રીજો આ નિર્દોષ ગમતના વિષયમાંથી ગાયન, ચિત્રકલા, સુતારનુ કામ, બાગનું કામ અથવા બીજી એને ગમે તે વસ્તુ શીખે આ બાબત પુસ્તકો, યંત્ર અથવા શિક્ષણ સારૂ જરૂરનું ખરચ હું ખુશીથી કરીશ, કારણ કે કેળવણીનો આ એક અગત્યનો ભાગ છે પણ હાલ તે વિષે આપણા લોક બેફિકર રહે છે. તમને ઘોડા ઉપર બેસતાં શીખવાની ઇચ્છા છે તે મને પસંદ છે એમ તમે સારી પેઠે જાણો છો, અને નિશાન મારતાં શીખવાનુ પણ મેં તમને કહેલું છે. પણ આપણી સ્થિતિ ને લીધે તે હાલ બની સકે તેમ નથી; અને જ્યારે એ બેનાં સાધન મેળવવાનો યોગ્ય સમય તમને મળે ત્યારે ભૂલશો નહિં.

૩. આપણા કર્તા, માનસિકશાસ્તા, તથા આપણા આત્માના પિતા ઇશ્વરની સમક્ષ આપણા હૃદયને લઇ જવાની અગાધ આવસ્યકતા છે. દુર્ગુણથી બચવાને નિયમિત માનસિક અભ્યાસના પરિપક્વ ક્રર્મવડે હૃદય જ્યારે સુરક્ષિત નથી હોતુ ત્યારે સંસારના સંસર્ગને લીધે તે જે અવિનય, લઘુતા તથા પાપમય વૃત્તિથી નિરંતર મલિન રહે છે તે સર્વે ઇશ્વરની સમક્ષ જવાથી દૂર થાય છે, અને વળી એથી ચિત્તની ઉદાર વૃત્તિયો સબલ તથા સુસ્થાપિત થાય છે, અને ગ્લાનિ પામતા આત્માનો ઉદ્ધાર થાય છે. માટે અંતઃકરણથી અને નમ્રતાથી નિત્ય ઈશ્વરની પ્રાર્થના પુસ્તક વડે અથવા તે વિના પણ તમારે કરવી જોઇએ. પ્રાતઃસ્નાન કર્યા પછી નિત્ય સંધ્યા તથા ભક્તિ કરવી એ ભરતખંડના લોકોની જીવનસ્થિતિનુ સારામાં સારૂ લક્ષણ છે. પણ હાલમાં તેમાં ઘણો વહેમ મિશ્રિત થયો છે અને એ કર્મ સંસ્કૃત ભાષામાં છે તેથી તેમાંનું કાંઇ સમજાતુ નથી; અને તેથી હૃદયને ઉન્નત કરવાને ધર્મ અભ્યાસ વાસ્તે તે નિરૂપયોગી છે. તો પણ અસલની આ સારી રીત ચલાવવાને અને સુધારવાને દરેક માણુસે પ્રયત્ન કરવો જોઈયે. માટે તમારે હમેશ ઓછામાં ઓછી એક વાર, અને વિશેષ કરીને સ્નાન કર્યા પછી (કારણુ કે ધર્મઅભ્યાસ તથા ઈશ્વર ભક્તિ સારૂ સ્વસ્થ ચિત્ત વૃત્તિથી બીજી અનુકૂલ સ્થિતિ સ્નાન છે) પ્રાર્થના કરવી અને દરરોજ ધર્મ, ભક્તિભાવ, તથા નીતિબોધક કોઈ પુસ્તક વાંચવું. હમણાં તો

'હાર્મોનીયમ' અંગ્રેજી વાજીુ. હાથથી તથા પગથી વગાડવાનું.

તમારે નીચે લખેલાં પુસ્તક તથા ચોપાનિયાં વાંચવાં:—

1. Gleams of the New light.
૨. બ્રાહ્મ ધર્મ પ્રતિપાદક વાક્ય સંગ્રહ.
૩. આદિ શાસ્ત્ર.
૪. ધર્મ શિક્ષા.
૫. ભગવદ્ગીતા.
૬. તુકારામના અભંગ,
7. Sacred Anthology.
૮. બાઈબલ તથા કુરાનના મુખ્ય ભાગ.
૯. ધમ્મ પદ.
૧૦. ખુદ્દક પાઠ
૧૧. સ્પીગેલની ઝંદાવસ્તાનો બ્લીકનો કરેલો અંગ્રેજી તરજુમો.
૧૨. અથવા—વેણ્ડીદાદનો કાંગાનો કરેલો તરજુમો.
૧૩. દાસબોધ.
૧૪. ભક્તલીલા.
૧૫. સંતવિજય.
16. Dr. James Martineau's Hours of Thought.
17. Endeavours after a christian life.
18. Vaughan's Voices of the Prophets on Faith, Prayer, and Human life.
19. Cobbe's Religious duty.
20. Griffith's Fudamentals of Faith and Belief.

આમાંથી કેટલાં પુસ્તકમાં કલ્પિત કથા તથા ઘણા ખરા વિચાર આપણને ભૂલ ભરેલા લાગશે. પણ એમાંથી પણ પ્રૌઢ ધર્મક્રિયા તથા સત્ય ધર્મનિષ્ઠા અને ઈશ્વર પ્રત્યે પ્રેમ તથા મનુષ્ય પ્રત્યે પરોપકાર બુદ્ધિનો સુબોધ મળે છે; અને ધર્મનિષ્ઠ થવાને સંસારનો ત્યાગ ન કરતાં તેની અંદરજ રહીને જે લોકોએ લોભવિષયથી મુક્ત થવાને મહા પ્રયત્ન કર્યો છે, અહિનાં સુખનો તિરસ્કાર કર્યો છે, ભૌક્તિકપિંડ કરતાં આત્મા તથા શરીર કરતાં હૃદય શ્રેષ્ઠ છે એવું સિદ્ધ કરી સંસારી પદવી કરતાં વ-

ધારે ઉન્નતપદે ચડ્યા છે એવા સત્ય ભક્તિમાન્ પુરૂષોના જીવનચરિત્રનું વર્ણન એ પુસ્તકોમાં છે. ઉપર લખેલાં ચોપડીઓમાંની ઘણી ખરી ઘરમાં છે તે તમે એક વાર વાંચી રહો પછી બાકીની ખરીદ કરજો; અને એક વાર વાંચીને બસ ન કરવું પણ હમેશાં તે વાંચતાજરેહેવું. અને વિશેષ કરીને તેમાંથી જે ભાગથી તમારા ઉપર ઘણી અસર થાય તે ફરી ફરી વાંચવા, કેમકે એ રીતેજ ભક્તિભાવ અને પવિત્રતા તથા ઉદારતાની ઇચ્છા રહે અને અભ્યાસ પડે; આજ કારણને લીધે ધર્મપુસ્તક અને મહાત્માઓ તથા સત્ય પુરૂષોનાં જીવનચરિત્ર વાંચવાં એ આપણા લોકમાં પ્રશસ્ત ગણાય છે. તમારે દરેક જણે વારા ફરતી એમાંથી જુદાં જુદાં પુસ્તક લઈ તેમાંથી થોડો ભાગ પ્રાર્થના કર્યા પછી અથવા પેહેલાં નિયમસર વાંચવો તેથી તમે પોતે પણ ન માનો એટલુ બધુ વાંચી સકશો; તે વિશે તમારી ખાત્રી એક છ મહિનાના ક્રમમાં થશે. વિદ્યાર્થીને સારૂ ટોડકૃત લઘુગ્રંથ અને *Diatetics of the soul નામના પુસ્તકની નવી આવૃત્તિ છપાયેલી છે તે પણ વાંચજો. મોટા અકબર રાજાને વિશાલ રાજ્યની વ્યવસ્થા કરવાની હતી તોપણ નિયમિત પદ્ધતિને લીધે ધર્મ તથા તત્વજ્ઞાન સબંધી વાદવિવાદ કરવાનો વખત તેને મળતો. આલફ્રેડ ધીગ્રેટ રાત્ર દિવસના ત્રણ સરખા ભાગ કરીને કું અથવા આઠ કલાક ઉંઘ, ભોજન તથા કસરતમાં ગાળતો, આઠ કલાક રાજ્યના કામમાં અને આઠ કલાક વાંચવા લખવામાં તથા પ્રાર્થનામાં કાઢતો તે તમે વાંચ્યુ અથવા સાંભળ્યુ હશે. આપણી સ્થિતિના લોકમાંથી તેમજ આ સમયના વિદ્યાર્થીમાંથી થોડાકજ આ નિયમ પ્રમાણે ચાલી સકે. પણ આ નિયમ તમારે ધ્યાનમાં રાખી તમારૂ કામ બની સકેતો તે પ્રમાણે કરવાનો પ્રયત્ન કરવો, એટલે જીંદગીની ઘણી અગત્યની ફરજ અથવા જરૂરી વસ્તુમાંની કોઈપણ સર્વથા ઉપેક્ષિત રહે નહિ. આ વિષયના સબંધમાં સ્પાર્ક્સે પ્રગટ કરેલા બેંજામિન ફ્રેંકલીનના સ્વચરિત્રના પુસ્તકનુ છઠ્ઠુ પ્રકરણ વિશેષ કરીને વાંચજો, અને તેમાં કામ કરવાનો તથા આત્મોદય કરવાનો માર્ગ વર્ણવેલો છે તે વિષે ધ્યાન પૂર્વક વિચાર કરજો.

સૃષ્ટિ સર્વ પ્રકૃતિ જન્ય પદાર્થજ છે, અને આત્મા કે ઇશ્વર છેજ નહિ નાની જાતિનાં પ્રાણીમાંથી મનુષ્યની ઉત્પત્તિ છે,રસાયન શાસ્ત્રના નિયમ પ્રમાણે અને યાંત્રિક

* 'ડાયટેટીકસ ઓફ ધી સોલ'=આત્માનું પોષણ શાસ્ત્ર.

પ્રકૃતિના સંયોગથી મનુષ્યના મનની ઉત્પત્તિ થાયછે, અથવા આપણામાં કોઈ મોટું તત્વ હશે અથવા સૃષ્ટિમાં પણ યાંત્રિક નિયમ કરતાં વધારે મોટી કોઇ પણ શક્તિ હશે તો તે આપણે જાણતા નથી અને જાણી શકીયે પણ નહિ, એવા અભિપ્રાય જે માણસ તમારા આગળ દર્શાવે તેમનાથી કોઇ દિવસ દોરાશો નહિ. માણસને સ્વભાવિક પ્રેરણાથીતો આ કરતાં જુદાજ પ્રકારના સિદ્ધાંત થાય છે. મનુષ્ય જાતિની ઉત્પત્તિનુ મૂલ કારણ અથવા રીત ગમે તે હોય પણ માણસની પ્રકૃતિ ફક્ત બાહ્ય તથા જડ નથી પણ બુદ્ધિયુક્ત, નિયમાધીન તથા ધાર્મિક છે. અને આ સર્વ ગુણોના મિશ્રણથી ધર્મ, તત્વજ્ઞાન તથા સકલ વિદ્યા ઉત્પન્ન થાય છે માટે વિદ્યાનુ ગ્રહણ કરવું અને ધર્મ તથા નીતિ શાસ્ત્રનો ત્યાગ કરવો એ આ પ્રકૃતિથીજ વિરૂદ્ધ આચરણ છે. તેના એક વિભાગની સત્ય વાતથી બીજા વિભાગની સત્ય વાત વિરૂદ્ધ હોય નહિ. માણસની પ્રકૃતિની એક બાજુમાંથી જે કાંઈ ઉત્પન્ન થાય તેને જેટલો મજબૂત આધાર હોય તેટલોજ બીજી બાજુમાંથી ઉત્પન્ન થતી વસ્તુને હોય છે. ત્યારે ખરૂં જોતાં વિદ્યા ધર્મનો નાશ કદાપિ પણ ન કરી શકે અને તેમજ ધર્મ વિદ્યાથી વિરૂદ્ધ પણ ન હોય. આપણી પ્રકૃતિના જુદા જુદા વિષયોને અથવા તેમનાં કાર્યને બરોબર ન ઓળખવાથી ઈંદ્રિય જ્ઞાન વડે ધાર્મિક સત્યની પરીક્ષા કરવાનો યત્ન કર્યાથી અથવા આપણી પ્રકૃતિના એક પક્ષને છેક આગળ લાવીને બીજાની ઉપેક્ષા કર્યાથી agnosticism, અનાત્મવાદ અથવા નાસ્તિકવાદના નામથી ઓળખાતા મત પેદા થાયછે. એક અંગ્રેજી આસ્તિક્યમતનો ગ્રંથ કર્તા કેહે છે કે: "હાલના સમયના જડ પદાર્થના શાસ્ત્રજ્ઞ લોકો બાહ્ય પદાર્થ વિષે શોધ કરવામાં એટલાબધા નિમગ્ન થઇ ગયાછે કે નીતિશાસ્ત્ર તથા ધર્મશાસ્ત્ર તેમણે બીલકુલ લક્ષમાંથી કહાડીજ નાંખ્યાંછે તેઓ ડાર્વીનને પગલે પગલે ચાલી પદાર્થવિજ્ઞાન તથા પ્રાણીવિદ્યાના કંટકમાંથી નીતિ રૂપી દ્રાક્ષનો સંચય કરવાનો પ્રયત્ન કરે છે, પણ એવાં ફલઆવાં વૃક્ષ ઉપર ઉગતાં નથી. ધર્મ સંબંધી વાત આત્માથી સમજાય અનેનીતિ સંબંધી વાત મનવડે સમજાય, અને ધર્મને લગતી અથવા નીતિને લગતી ન હોય તેવી વસ્તુ વિષે સંશોધન કર્યાથી ધર્મ અથવા નીતિ એમાંનું એકે સમજાતું નથી; અને એમ થવું તેમાં કાંઇ બહુ આશ્ચર્ય નથી. જો ઇશ્વર પોતે સૃષ્ટિનો સર્વ વ્યાપક પવિત્ર પરમાત્મા હોય અને, સદાચારના

સચેતન મહા નિયમ રૂપે સકલ ત્રિલોકમાં સર્વદા વ્યવસ્થા ચલાવનાર હોય તો પોતાનાં જ્ઞાનવાન છોકરાંના આત્મામાં ઇશ્વર પોતાનો તથા પોતાની પવિત્ર ઇચ્છાનો આવિર્ભાવ કરે એમ ના હોય! એ ઇશ્વર આપણો પિતા આપણા હૃદયમાં શાન્ત નીચા સ્વરથી કદી બોલતો નથી પણ ભૂકંપ તથા ગાજવીજના રૂપમાં બોલે છે એ કલ્પના આ સમયની અધમ પૂજા છે.

ધર્મનિષ્ઠ ભક્ત પ્રમાણે ધર્મ સંબંધી પોતાના અનુભવના સજીવ પ્રવાહમાંથી તુકારામ સાધુ કેહે છે કે

‡ मनवाचातीततुझेंहेस्वरुप। म्हणानियांमापभक्तिकेलें. ॥
भक्तिचियायापेंमोडीतेंअनंता। इतरानतत्वतानेमोजवे ॥
योगयागतपेंदहाचियायोगें। ज्ञानाचियालागेंनसांपडसी ॥

વળી મહાયોગી તથા તત્વવેત્તા જ્ઞાનદેવ કહે છે કે

भावबळेआकळेयहवीनाकळे। करतळींआंवळेंतैसाहरी ॥

આ પ્રમાણે આપણી ઘણી શક્તિયોમાંથી દરેકને માટે જુદો જુદો અનુકૂલ વિષય છે. એક ગ્રંથ કર્તા કહે છે કે:—

“ધર્મ સંબંધી વાત આત્માવડે સમજાય છે, તે સર્વ જાતનાં જ્ઞાન જે નિયમને આધીન છે તે નિયમ પ્રમાણે છે. ઇંદ્રિય વિષયનું જ્ઞાન ઇંદ્રિયથી થાય છે. દૃશ્ય વસ્તુ આંખથી જોવાય છે, સ્પર્શ્ય વસ્તુ અડકયાથી ઓળખાય, બુદ્ધિ સંબંધી વસ્તુ બુદ્ધિવડે સમજાય અને ધર્મ સંબંધી વાતનું જ્ઞાન આત્મા વડેજ થાય. ઈશ્વર ઉપર આપણને જે શ્રદ્ધા હોય છે તે તર્કશક્તિ તથા વિચારથી થાય છે અને ઇશ્વરની સાથે આપણું ઓળખાણ આત્માના ધર્મ સંબંધી અનુભવથી થાય છે.

---

‡ તારૂં સ્વરૂપ મન તથા વાચાથી અતીત આવું તે છે માટે માપ ભક્તીથીજ થાય. હે અનંતા હું તને ભક્તિના માપથી માપુંછું. બીજા કાંઇ પણ સાધનથી તારૂં માપ થઈ શકે નહીં. યોગથી, યાગથી, તપથી દેહના સાધનથી કે જ્ઞાનથી (પરમેશ્વર) તું મળતો નથી.

ભક્તિથીજ (પરમેશ્વર) જણાય. બીજા સાધનથી (તે) જણાય નહી. (ભક્તિ વડે) તે હાથમાં રાખેલા આમળા જેવો (સ્પષ્ટ) જણાયછે.

જેવી દૃષ્ટિથી જોઈયે તે ઉપર સર્વ વાતનો આધાર છે. આપણે બાહ્ય વસ્તુ તરફ જોઈએ તો ફક્ત તે જોઇ સકીયે અને બાહ્ય જડ જીવિતજ ધારણ કરીએ. ફક્ત અંતરની વસ્તુજ જોઇયે તો આપણા વિચાર ગૂઢ અને સંકોચિત થાય અને આપણે ધર્મોન્ધ થઇયે. પણ આપણે અંતર તથા બાહ્ય બન્ને તરફ જોઈએ; દૃષ્ટ તથા સાંસારિક વસ્તુ તરફ અને અદૃષ્ટ તથા અનંત વસ્તુ તરફ પણ દૃષ્ટિ કરીએ તો સત્યતાના જ્ઞાનથી થતી શાન્તિ અને આ લોક તથા પરલોક જે બન્નેને આપણે સ્વાધીન છીએ તેનાથી પુષ્ટિ મળે એવું જીવન આપણને મળશે.

માટે ખરા ધર્મમાંથી સંદેહવાદ તથા નાસ્તિકવાદ જવો જોઇયે તેમજ વહેમ પણ દૂર થવો જોઇયે આવો આસ્તિકવાદી ધર્મ પ્રાર્થના સમાજનો અથવા બ્રહ્મસમાજનો છે. એ ધર્મ ખ્રિસ્તી ધર્મની નકલ છે એમ અજ્ઞાનતાથી લોકો કહે છે, તેવું કહેવાનું કારણ માત્ર એટલુંજ છે કે એ સમાજોમાં ભક્તિ કરવાની રીત ખ્રિસ્તી ધર્મના લોકો જેવી છે; પણ મુસલમાન તથા યાહુદી લોકોની ભક્તિ કરવાની રીત પણ એવીજ છે અને ખરૂં જોતાં આપણા લોકોમાં ભક્તિની જે રીતો છે એટલે ધ્યાન, ભજન અને કીર્તન તે સર્વનું એ મિશ્રણ છે અને વળી આપણે સર્વ પરદેશના વિદ્યા વિષયનું ગ્રહણ કરીએ અને બીજી દ્રવ્યાદિ વસ્તુના સુધારા ઉત્સાહથી કરીએ તો પરધર્મના જે કંઈ વિચાર તથા ભક્તિની પદ્ધતિ આપણને સત્ય તથા સિદ્ધિકારક લાગે તેનો સ્વીકાર ન કરવાનું કારણ કાંઈ નથી. પણ સર્વદેશમાં સઘળા લોકોનો નહિ પણ વધારે વિચારવંત લોકોનો કાલ્પનિક ધર્મ ઇશ્વરવાદી છે, અને પૃથ્વી ઉપર સર્વ લૌકિક ધર્મનો આધાર તથા સત્ય એ છે. અને લૌકિક મતને તથા વહેમને ન ગણકારતાં અભ્યાસ સિદ્ધ તથા અક્ષય ભક્તિ અને પૂજાનો જે સંયોગ એ પદ્ધતિમાં છે તેજ માત્ર નવીન છે. અને આજથી ૫૫ વર્ષ ઉપર રાજા રામમોહનરાયે જે જે ભાષાઓમાં ચાલતા ધર્મનાં પુસ્તકો લખાયેલાં તે સર્વ પુસ્તકનો અભ્યાસ કરી દુનિયાની સર્વ ધર્મ વિદ્યાનું મન્થન કર્યા પછી 'બ્રાહ્મ સમાજ' નામ આપી આ પધ્ધતિ પ્રમાણે ભક્તિ કરનાર લોકોની એક મંડળી સ્થાપી. પણ આ કાર્ય રામમોહનરાયે પહેલ વેહેલુ કર્યું એમ નથી. એના સમય પહેલાં ઘણા વખત ઉપર કેટલાક પંથ થયા હતા તેના કેટલેક દરજે એવાજ મત હતા; જેમકે પંજાબમાં સીખ,

બંગાલામાં વૈશ્નુવ (ચૈતન્ય માર્ગના લોક) તથા તેની શાખા મહારાષ્ટ્રના ભક્તો, અને મધ્ય હિંદુસ્થાનના તથા ગૂજરાતના કબીર પંથી, ખ્રિસ્તી તથા મુસલમાનમાં યુનિટેરિયન્સ અને વાહાબી નામના આ તરેહના પંથ છે. પણ મૂળ હિન્દુ ધર્મ બિલકુલ ઇશ્વરવાદી છે. આકાશમાંથી ચમત્કારિક યુક્તિથી તથા બાહ્યરૂપમાં જાણે કોઇ પુરૂષે આણ્યો હોય તે માણસના નામથી એ ધર્મ ઓળખાતો નથી. એનાં બહુ માન્ય પુસ્તકોનું નામ શ્રુતિ છે એટલે ઋષિ લોક અથવા ઈશ્વર પ્રબોધિત તથા પવિત્ર પુરૂષોએ જોયેલા અથવા સાંભળેલા સત્યાર્થ ઉપનિષદ્ તથા ભગવદ્ગીતામાં વર્ણવેલા ધર્મ જો બરોબર અવલોકન કરીએ તો તે ઇશ્વરવાદી છે એમ જણાય.' રામ મોહન-રાયની પૂર્વે થઇ ગયેલા કેટલાક પંથની પ્રમાણેજ એમણે જે ધર્મ માર્ગનો આરંભ કરચો તે આપણા દેશીય ધર્મના મતના ભાવાર્થથી વિરૂદ્ધ નથી. રામમોહનરાય આપણા દેશનો એક મહા પુરૂષ હતો અને તેનું જીવનચ-રિત્ર સર્વે કેળવાયેલા હિન્દુ લોકોને વિશેષે કરીને બોધકારક છે તેનો તેમણે ધ્યાન પૂર્વક અભ્યાસ કરવો જોઈયે. તે બ્રહ્મ સમાજનો સ્થાપનાર હતો એટલા માટે ફક્ત નહિ પણ વળી તે પોતાની મહા તીવ્ર બુદ્ધિ તથા ઉદાર ચિત્તથી આપણા દેશના કલ્યાણને સારૂ મોટા ઉપયોગી વિષયો ઉપર વિચાર કરતો, પણ એ વાત બાજુ ઉપર મૂકીએ; અને જેના વિષે વાત ચાલે છે તેના વિષે વિચાર કરીએ તો પોતાની પૂર્વે થયેલા બીજા મહા પુરૂષો પ્રમાણે ધર્મ સંબંધી ફેરફાર અથવા સુધારો કરવામાં રામમોહનરાય જે કરી સક્યા તે ધર્મના પ્રૌઢ વિષયના કેટલાક વિભાગનો વિસ્તાર છે એમ જણાય છે અને જેમ વિદ્યા, બુદ્ધિ પ્રેરિત ઇન્દ્રિયગુણથી ઉત્પન્ન થાય છે તેમ માણસ-ની આત્માની પ્રેરણાનો પરિણામ છે માટે જે લોકો આ બેમાંથી એકને ગ્ર-હણ કરી બીજાનો ત્યાગ કરે છે તે માનુષી રચનાના એક ઉપયોગી વિષયને ધ્યાનમાં લેતા નથી અને ઉપર કહ્યા પ્રમાણે પોતાની પ્રકૃતિથી વિરૂદ્ધ આ-ચરણ કરે છે. આ લોકો સર્વજ્ઞ અથવા તો ખરેખરા દેવ હોય તો તેઓનું આ આચરણ બરોબર છે એમ મનાય, પણ મોટા મોટા પુરૂષો અથવા તત્વવેત્તા પણ કેટલાક અજ્ઞ હોય છે તે આપણે જાણીએ છીએ, કા-રણ કે આ વિશાલ સૃષ્ટિનો તો શું પણ પૃથ્વીનો અને તેની રચના તથા વ્યવહારમાં ગુપ્ત રહેલા સત્યાર્થનો જેટલો ભાગ એ જાણતા નથી તે-

ના પ્રમાણમાં જેટલું જાણે છે તે કેટલું થોડું છે? માટે સંદેહવાદી અથવા નાસ્તિકવાદી સર્વજ્ઞ હોવા જોઇયે અથવા તો તેમના તર્ક ખોટા હોવા જોઇયે. યાહુદી લોકોનો એક રાજા પેગંબર કહી ગયો છે કે 'મૂર્ખ પોતાના હૃદયમાં કહે છે કે ઇશ્વર નથી'; અને તેજ પ્રમાણે આપણો તત્વજ્ઞ સાધુ રામદાસ કહે છે કેઃ—

‡ पाखंड मत स्वीकारी तो एक मूर्ख.

આસ્તિક લોકો ઇશ્વરના જેટલા ગુણ વર્ણવે છે તેટલા બધા સંદેહવાદી 'મિલ' નથી માનતો, તોપણ મનુષ્ય કરતાં કોઈ શ્રેષ્ઠ સત્તા છે એમ એને પણ માનવું પડયું હતું. બાલપણથીજ જે નાસ્તિક મતમાં ઊછરેલો તથા ધર્મ સંબંધી વાતનો હશીને તિરસ્કાર કરતાં જે શીખેલો તે આવી સીમા બાંધે તેમાં આશ્ચર્ય જેવું નથી. પણ જેટલી વાત એ ગ્રહણ કરે છે તેટલા ઉપરથી ધર્મતત્વની સત્તા સિદ્ધ થાય છે અને પોતાના દીર્ઘ કાલના મતથી વિરૂદ્ધ પણ તે તત્વને સમજવાની તથા સ્વીકારવાની તેની ઇચ્છા તથા શક્તિ જણાયછે. વળી, અનુમાનિક મહા તત્વવેત્તા બેકન કહેછે કેઃ— 'તાલ્મડ' તથા 'આલ્કોરન' માંની અને દન્ત કથાની બધી કલ્પિત વાર્તાઓ હું માનું, પણ આ વિશ્વમય રચના આત્મા વિનાની છે એ માનું નહિ. માટે નાસ્તિકની ખાતરી કરવાને ઇશ્વરે ચમત્કાર કર્યા નથી, કારણ કે સાધારણ કાર્યથી તેની ખાતરી થાયછે; થોડા તત્વ જ્ઞાનથી માણસનું મન નાસ્તિક મત તરફ જાયછે એ વાત ખરી છે, પણ ગાઢ તત્વજ્ઞાનથી તો માણસને ધર્મવાસના થાય છે. કારણ કે માણસનું મન જ્યારે અપ્રધાન કારણોમાંથી દરેકને જુદાં જુદાં લઈને વિચાર કરેછે ત્યારે તે ત્યાંજ સ્થિર થઇ આગળ વધી સકતું નથી, પણ જ્યારે તે બધાના અભિન્ન સમુદાય તરફ તે જૂએછે ત્યારે તેને અવશ્ય સર્વપાલક ઇશ્વરતરફ દોડવું પડેછે." માટે, હાલના ઘણાક કેળવાયેલા માણસોની રીતપ્રમાણે સ્વભાવવાદી અથવા સંદેહવાદી પ્રમાણે કદી સાંભળશો નહિ અથવા તેથી દોરાશો નહિ, પણ દ્રઢ શ્રદ્ધા રાખી ધર્મકાર્યમાં નિયમસર પ્રવૃત્ત રહેજો અને નીતિ તથા ધર્મ સંબંધી વાતોનો પ્રત્યક્ષ અનુભવ કરજો. તમે તમારી મેળે વિચાર કરીને એ વિષે

---

‡ પાખંડ મત સ્વીકારનાર એક મૂર્ખ છે.

સત્ય લાગે તે માનજો, પણ આપણી પ્રકૃતિનો એકજ પક્ષ જોશો અથવા એકજ તરેહનાં પ્રમાણો ઉપરથી સિદ્ધાંત કરશો અને આપણી રચનાના બાહ્ય, બુદ્ધિયુક્ત, માનસિક તથા આત્મા સંબંધી વિભાગો લક્ષમાંથી કાઢી નાંખશો તો તમને સત્યાર્થ કદી સમજાશે નહિ એ વાત ધ્યાનમાં રાખજો; અને વળી આ સર્વ વિભાગોના પરિણામને ધ્યાનમાં લીધાથીજ બરોબર વિવેચન થઈ સકેછે એ પણ લક્ષમાં રાખજો. તો પછી તમે આડો વિચાર કરશો એવી ભીતિ નહિ રહે. હવે મેં આ બાબત વિષે જોઈએ એટલું કહ્યુંછે; પણ, તમારા નિત્યનાં આચરણ શુદ્ધ કરવાને કાળજી નહિ રાખો અને સર્વના સામાન્ય તાત—પિતા ઇશ્વરનાં જે બાલક તે તમારા સર્વ મનુષ્ય ભાઇઓ સાથે નમ્રતા તથા પ્રેમથી નહિ ચાલો તો તમે જે પ્રાર્થના તથા ધર્મકાર્ય કરશો તે સર્વ નિષ્ફલ છે; અને અંતરાવલોકનનો અભ્યાસ પાડયા વિના તથા શાંત ચિત્તથી નિયમસર નિત્યહૃદયની દૃઢ સ્વપરીક્ષા કર્યા વિના અને શત્રુના આચરણની પરીક્ષા કરતા હોઈયે તે પ્રમાણે પોતાના હેતુ તથા કૃત્યને સૂક્ષ્મ દૃષ્ટિથી જોયા વિના કોઇ પણ માણસનું હૃદય પવિત્ર થઈ સકતું નથી, આ બન્ને વાતો મારે તમારા મનમાં ઠસાવવાની છે.

આ પત્ર સંપૂર્ણ કરતાં પહેલાં એક બીજી વાત કહેવાની છે. પ્રાર્થના ભજન, ધ્યાન, ધર્મ વાક્યનું વાચન તથા તેને અનુસરીને વ્યવહારિક વર્ત્તણુક કરવી એ સર્વનો ઉદ્દેશ આત્માની વૃદ્ધિ કરવાનો છે, અને તેથી ઈશ્વરઉપર ઉત્સાહ વિશ્વાસ તથા શ્રદ્ધા થવાં જોઇએ. ભગવદ્‌ગીતાનાં વાક્યને અનુસરી તમારે ઈશ્વરની આજ્ઞા પ્રમાણે વ્યવહાર ચલાવવો: એટલે તમારી ફરજ બજાવવી તે સાંસારિક સુખ મેળવવાના વિચારથી નહિ પણ માત્ર તે ધર્મ અથવા ઈશ્વરની આજ્ઞા છે. માટે ધર્મ પ્રમાણે ચાલતાં તમને દુનિયાનું સુખ મળે તો તે અવશ્ય ઉપકાર સાથે સ્વીકારવું, અને તેથી સાંસારિક સુખ ન મળે અથવા દુઃખ થાય તો જરા પણ ક્રોધ અથવા કકળાટ કરવો નહિ. જ્ઞાનોબાના કહેવા પ્રમાણે તમારૂં દરેક કાર્ય ઈશ્વરને અર્પણ કરવાના પુષ્પ જેવું કરવું. અને આવી વ્યવહારિક રીતના પરિણામથી તમે ઇશ્વરની સાથે નિકટ સમાગમને લાયક થશો. જીંદગીનો શ્રેષ્ઠ હેતુ તથા ઉદ્દેશ એજ છે. ખરા સાધુ સિવાય બીજા કોઈને અથવા તમને આનો પ્રત્યક્ષ અનુભવ કરવાને ઘણા દિવસ લાગે, પણ આપણે જેટલા અંતઃકરણથી પ્રયત્ન કર્યા હોય તેના પ્રમાણમાં આપણા

આત્માની વૃત્તિ એ માર્ગે જઈ સુધરે છે. નિત્ય ભક્તિથી કેટલાક અલ્પહેતુ સાધન થશે અને તે પણ ઘણા ઉપયોગના છે. એથી તમે મનન કરી સકશો, તમને નવા નવા વિચાર ખબર પડશે, અમૂલ્યતત્વાર્થનું જ્ઞાન થશે અને ધર્મ વિદ્યાનો સહવાસ થશે. તેથી તમારૂં ચિત્ત આનંદમાં રહેશે, વ્યવહારિક કામને સારૂ ઉત્સાહ થશે અને જે પુરૂષો એકલા સાંસારિક સુખ અને નીચ ઉદ્યોગમાં પ્રવૃત્ત રહે છે તે લોકોને ઘણી વાર જે ખેદ તથા કંટાળો થાય છે તે દૂર થશે. તેજ પ્રમાણે વિનોદથી તમને ગમત થશે અને શરીર રચના સજીવ થશે, તથા તંદુરસ્તી સારી રહેશે. આ પ્રમાણે આ બે શિક્ષાથી તમારી કામ કરવાની શક્તિયો વધશે; અને દ્રવ્ય તરફ નજર કરતા પહેલાં તો તમને અસદ્વ્યય લાગશે, પણ પછી તેથી, તમે જે કાળ એમાં કાઢયો હશે તથા શ્રમ કર્યો હશે તેનો હજાર ગણો બદલો વળી જશે. પૂર્વ કાળનાં સ્ત્રી પુરૂષો આરોગ્ય તથા બલનાં જે સુખ ભોગવતાં તેનું મુખ્ય ગુપ્ત કારણ આ હતું.

છેવટમાં કહેવાનું કે ઉપર લખેલી સર્વ વાત મારા પોતાના અનુભવનો તથા બીજા લોકોના જીવન ચરિત હું જે અવલોકન કરી સકયો છું તેનો પરિણામ છે. તેમાંની કેટલીક તો તમે જાણો છો; પણ હવે મેં એ સર્વના ફાયદા સારૂ હમેશાં રહે એમ લખી છે. હું તમને બહુ થોડો પૈસો અથવા મીલકત આપી જઇશ, પણ ઉપર કહેલી વાતનો જેગ બને તેમ પ્રત્યક્ષ ઉપયોગ કરશો તો તેથી વારસામાં મળેલી ગમે તેટલી દોલત જે સુખ કરે તેના કરતાં તમને ઘણું વધારે સુખ મળશે તથા તમે લોક પ્રિય થશો.

તમારે દરેકે ફુરસદે પોત પોતાને સારૂ જુદી જુદી આની નકલ કરવી તથા જ્યારે સોળેક વર્ષના થાઓ અને આ સર્વ સમજી સકો ત્યારે પોતાના ફાયદા સારૂ જાડા કાગળ ઉપર ચોઢજો.

સંપૂર્ણ.